
## વડીલોને વંદન અભિનંદન



હિંમતભાઈ નાનાલાલ વૈદ્ય
(૧૯૩૭)ફોન: ૨૩૨૩૫૬૧૫




મધુબેન ભગવતીપ્રસાર રાવલ
(૧૯૪૭)



જનાર્દન એસ. જોશી
(૧૯૩૦)ફોન: ૨૩૨૬૦૫૫૬



કમળાબેન શાંતિલાલ વ્યાસ
(૧૯૨૯)ફોન: ૨૩૨૨૦૩૨૩



જનાર્દન એમ. જોષી
(૧૯૩૦)ફોન: ૨૩૨૬૦૫૫૬

# ધોરણ ૧૦ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં આજે અંતિમ પેપર

### સામાન્ય પ્રવાહની પરીક્ષા ૨૮મી માર્ચ સુધી ચાલશે : ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં હિન્દી દ્વિતિય ભાષાનું પેપર

અમદાવાદ, તા. ૨૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવી રહેલ ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા તેના અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે ત્યારે આવતીકાલે ધોરણ ૧૦ અને ૧૨નું અંતિમ પેપર લેવામાં આવશે જ્યારે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં હિન્દી (દ્વિતિય ભાષા)નું પેપર લેવામાં આવશે. ધોરણ ૧૦માં આવતીકાલે છેલ્લું પેપર લેવામાં આવશે જેમાં દ્વિતિય ભાષા હિન્દી, સિંધી, સંસ્કૃત અને ફારસીમાંથી વિદ્યાર્થીઓએ જે વિષય પસંદ કર્યા હશે તેની પરીક્ષા લેવામાં આવશે જે સવારે ૧૦.૦૦થી ૧.૨૦ કલાક દરમિયાન લેવામાં આવશે આવતીકાલે બપોરે ૩.૦૦થી ૬.૩૦ કલાક દરમિયાન પ્રથમ ભાષા ગુજરાતી, હિન્દી, મરાઠી, ઉર્દુ અને સિંધીમાંથી વિદ્યાર્થીઓએ જે વિષય પસંદ કર્યો હશે તેની પરીક્ષા લેવાશે. જ્યારે જે વિદ્યાર્થીઓએ કમ્પ્યુટર એજ્યુકેશનનો વિષય પસંદ કર્યો હશે તેમની પરીક્ષા ૩.૦૦થી ૫.૧૫ કલાક દરમિયાન લેવામાં આવશે. ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં આવતીકાલે દ્વિતિયભાષા હિન્દીનું પેપર લેવામાં આવશે. આ પરીક્ષા બપોરે ૩.૦૦થી ૬.૧૫ કલાક દરમિયાન લેવાશે. આ ઉપરાંત ધોરણ ૧૨ વ્યવસાયલક્ષી પ્રવાહમાં આવતીકાલે હિન્દી (દ્વિતિય ભાષા)નું પેપર લેવામાં આવશે.



એએપીની ઠક્કરનગર નજીકથી રેલી નિકળી હતી જેમાં ખારીકટ કેનાલમાં ઠલવાતા કચરાને બંધ કરવા ઉપરાંત એ.એમ.ટી. અને બી.આર.ટી.એસ.ના ભાવ વધારા વિરોધ રેલીમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

# યુનિવર્સિટી કેમ્પસને વિદ્યાર્થી માટે વાઈફાઈ ઝોન બનાવાશે

### ગુજરાત યુનિવર્સિટી ધીમે ધીમે ટેકનોલોજીની દુનિયામાં આગળ વધી રહી છે

અમદાવાદ, તા. ૨૩

ટેકનોલોજીના ઉપયોગમાં પાછળ ગણાતા અમદાવાદીઓ પણ હવે ટેકનોલોજીનો ઉપયોગ કરતા થયા છે જેના ભાગરૂપે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશને શહેરના જુદા જુદા વિસ્તારોમાં વાઈ-ફાઈ ઝોન બનાવવામાં આવ્યો છે જેને અનુસરીને હવે ગુજરાત યુનિવર્સીટી પણ હવે પોતાના કેમ્પસને વાઈફાઈ ઝોન બનાવવાનો નિર્ણય કર્યો છે. જેના કારણે યુનિવર્સિટી કેમ્પસમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ઓનલાઈન અભ્યાસ કરી શકશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજ્યની સૌથી મોટી એવી ગુજરાત યુનિવર્સિટી હવે ધીરે ધીમે ટેકનોલોજીની દુનિયામાં આગળ વધી રહી છે જેના અનુસંધાને ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં વાઈફાઈ ઝોન લગાવવામાં આવનાર છે. યુનિવર્સિટીના વિવિધ ભવનોમાં અભ્યાસ કરતા હજારો વિદ્યાર્થીઓ યુનિવર્સિટી કેમ્પસમાં મફત ઈન્ટરનેટનો ઉપયોગ કરી શકશે. આ અંગે યુનિવર્સિટીના કુલપતિ એમ.એન. પટેલે જણાવ્યું હતું કે, અત્યારે આધુનિક સમયમાં દેશની ટોચની તમામ યુનિવર્સિટીઓ વાઈ-ફાઈનથી સજ્જ થઈ ચુકી છે ત્યારે આ મોર્ડન હરિફાઈમાં ટકવા માટે યુનિવર્સિટીએ પણ આધુનિક ટેકનોલોજીને અપનાવી પડે તેમ છે જેથી યુનિવર્સિટીએ સમગ્ર કેમ્પસનો વાઈફાઈ સજ્જ બનાવવાનો નિર્ણય કર્યો છે. આ વાઈફાઈ માફફતે યુનિવર્સિટી કેમ્પસમાં ઓનલાઈન અભ્યાસ કરી શકશે. ઉલ્લેખનીય છે કે, ગુજરાત યુનિવર્સિટી દ્વારા કેમ્પસમાં સીસીટીવી કેમેરા લગાવવાની જાહેરાત એક વર્ષ પહેલા કરાઈ હતી પરંતુ યોજનાનો અમલ હજી પણ અદ્ધરતાલ છે.

બીજી બાજુ યુનિવર્સિટીનું નેક-એક્રિડેશન પૂર્ણ થયે પણ એક વર્ષ કરતા વધુ સમય થયો હોવા છતાં હજી સુધી રિ-એક્રિડેશન કરાવવામાં આવતું નથી. ત્યારે હવે યુનિવર્સિટીને વાઈ-ફાઈ ઝોન બનાવવાની યોજના ક્યારે અમલમાં મુકાય છે તે જોવું રહ્યું.

## બોર્ડની પરીક્ષા પૂર્ણ થતાં વર્લ્ડકપ નિહાળી શકાશે

અમદાવાદ, તા. ૨૩

એક બાજુ રાજ્યમાં ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા ચાલી રહી છે ત્યારે બીજી બાજુ ટી-૨૦ ક્રિકેટ વર્લ્ડકપનો ફિવર છવાયેલો છે. ટીમ ઈન્ડિયાની પ્રથમ બે મેચ નિહાળી શકશ્યા નથી. પરંતુ આવતીકાલથી પરીક્ષા પૂર્ણ થતી હોવાથી વિદ્યાર્થીએ ભારતની બાકીની મેચ પરિક્ષાની ચિંતા વગર નિહાળી શકશે. ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા પૂર્ણ થયા બાદ આવતીકાલથી વિદ્યાર્થીઓ હળવાશમાં આવી જશે અને ભરપૂર મનોરંજન માણી શકશે. જુદા જુદા વિદ્યાર્થીઓ પ્રવાસના આયોજનમાં પણ છે. કેટલાક વિદ્યાર્થીઓ વર્લ્ડકપની મેચો જોવા માટે ઉત્સાહિત બનેલા છે.

# ભાજપ શાસનમાં મહિલા પર ગુનામાં ૬૬ ટકા વૃદ્ધિ

### હાલ કરોડો રૂપિયાનો દારૂ દરરોજ ગુજરાતમાં ઠાલવવામાં આવી રહ્યો છે : મોદી ભારત ભ્રમણમાં વ્યસ્ત છે : કોંગ્રેસ

અમદાવાદ, તા. ૨૩

કોંગ્રેસે આજે ભાજપ ઉપર આકરા પ્રહારો કર્યા હતા. કોંગ્રેસે કહ્યું છે કે, વિધાનસભાની ચૂંટણી વખતે પ્રચારમાં એક મોવડીએ વચન આપ્યું હતું કે, એક દિવસ જાગો હું તમારા માટે પાંચ વર્ષ જાગીશ અને બહેનોના સંમેલનમાં કહ્યું હતું કે, તમને તકલીફ પડે તો ગાંધીનગરમાં બેઠેલા તમારા ભાઈને એક પોસ્ટકાર્ડ લખીને જણાવજો. આજે ગુજરાતમાં ભાજપના મુખ્યમંત્રીના ૧૩ વર્ષના શાસનકાળમાં દિન દહાડે વેપારીઓ ઉપર હુમલા થઈ રહ્યા છે. મહિલાઓ ઉપર ગુનાઓમાં ૬૬ ટકાનો વધારો થયો છે. ગુમ થયેલા ૧૬૦૦૦ કરતા વધુ બાળકોનો પત્તો લાગી રહ્યો નથી. કરોડો રૂપિયાનો દારુ દરરોજ ઠલવાઈ રહ્યો છે. મહિલાઓના અછોડા તોડવાની ઘટના દરરોજ બની રહી છે. ગુજરાતની બહેનોના ભાઈ ગુજરાતના નાગરિકોની સલામતીને ભગવાન ભરોસે મુકીને વડાપ્રધાન બનવા માટે સુરક્ષા કાફલા માટે ભ્રમણ કરી રહ્યા છે. વિધાનસભા કોંગ્રેસ પક્ષના પ્રવક્તા અને વિરમગામના ધારાસભ્ય તેજશ્રીબેન પટેલે આજે આ મુજબનો આક્ષેપ કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, લોકસભાની ચૂંટણી નજીક આવી પહોંચી છે ત્યારે ભાજપ અને કોંગ્રેસ દ્વારા સામ સામે આક્ષેપોનો મારો ચાલી રહ્યો છે. ગુજરાતમાં ૩૦મી એપ્રિલના દિવસે મતદાન યોજાનાર છે. મતદાનને લઈને તમામ રાજકીય પાર્ટીઓ તૈયારીઓમાં વ્યસ્ત છે. બીજી બાજુ ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સામ સામે આક્ષેપ પ્રતિઆક્ષેપનો દોર ચાલી રહ્યો છે. એકબાજુ કોંગ્રેસે તેના દેખાવને સુધારવા માટે નવી રણનીતિ તૈયાર કરી છે જ્યારે બીજી બાજુ ભાજપે વધુને વધુ લોકસભાની બેઠક જીતવા માટે આક્રમક રુપરેખા તૈયાર કરી છે. વિરમગામના ધારાસભ્યએ કહ્યું છે કે, ગુજરાતમાં મહિલાઓ ઉપર ગુનામાં ૬૬ ટકાનો રેકોર્ડ વધારો થયો છે. દારુનો જંગી જથ્થો ઠલવાઈ રહ્યો છે.

## ટોક ઓફ ધ ટાઉન

● અનુસંધાન ત્રીજાનું ચાલુ

શકે છે. તેથી જ રાજકારણમાં સોશિયલ મીડિયાની અનિવાર્યતા ઉભી થઈ છે.

### ● નરેન્દ્ર મોદી, રાહુલ ગાંધી, અરવિંદ કેજરીવાલ અને સોશિયલ મીડિયા

સોશિયલ મીડિયામાં બધાજ પક્ષના નેતાઓમાં ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી સૌથી આગળ છે. નરેન્દ્ર મોદી વર્ષ ૨૦૦૯થી ફેસબુક સાથે જોડાયા છે. ફેસબુક પર નરેન્દ્ર મોદીના ઓફિશિયલ પેજને ૧,૧૨,૭૬,૯૩૬ થી વધારે લોકોએ લાઈક કર્યુ છે. તેઓ ફેસબુક પર પોતાના વિચારો રજૂ કરે છે. ન.મો. નિયમિતપણે ટ્વીટર પર ટ્વીટ કરતાં રહે છે. અત્યાર સુધીમાં તેઓએ ૪૧૯૮ વખત ટ્વિટ કર્યું છે જે તેમની સક્રિયતા દર્શાવે છે. નરેન્દ્ર મોદી ગૂગલની ચર્ચાસ્પદ સોશિયલ નેટવર્કિંગ વેબસાઈટ ગૂગલ પ્લસ પર પણ છે જ્યાં તેમને ૫,૦૧,૮૬૪ લોકોએ પોતાના સર્કલમાં સામેલ કર્યા છે. વિડીયા શેરીંગ વેબસાઈટ યૂટ્યુબ પર પોતાની એક ચેનલ છે જેને ૩૬,૧૭૭ લોકોએ સબસ્ક્રાઈબ કરી છે. અરવિંદ કેજરીવાલ ટ્વીટર પર પોતાના વિચારો રજુ કરે છે અને વિરોધીઓને ટ્વીટર પર પ્રશ્નો પણ પૂછે છે. તેમણે અત્યાર સુધીમાં ૨,૬૭૩ વખત ટ્વિટ કર્યુ છે. અરવિંદ કેજરીવાલના ઓફિશિયલ પેજને ૪૬,૪૯,૦૩૦ લોકોએ લાઈક કર્યુ છે. જ્યારે ૩,૦૧,૩૨૩ લોકો તેમના વિશે ચર્ચા કરી રહ્યા છે. જ્યારે રાહુલ ગાંધી સોશિયલ મીડિયા પર એટલા બધા સક્રિય નથી. તેઓનું ફેસબુક પેજ ૧,૮૯,૨૨૨ લોકોએ લાઈક કર્યું છે અને ૨૯૩ લોકો તેમના વિશે ચર્ચા કરી રહ્યા છે. હવે જોવાનું એ છે કે વડાપ્રધાન પદની ખુરશી સુધી પહોંચવા સોશિયલ મીડિયા કેટલું મદદરૂપ થાય છે.

### ● ગ્રામીણ યુવાનો અને સોશિયલ મીડિયા

શહેરી યુવા મતદારોએ ફેસબુક, ટ્વિટર, વોટ્સએપ અને મોબાઈલ પર વધારે સમય વ્યક્ત રહે છે, જેની સરખામણીમાં ગ્રામીણ યુવાઓમાં સોશિયલ મીડિયાનું પ્રમાણ ખુબજ ઓછા પ્રમાણમાં છે. તેથી દરેક રાજકીય પક્ષોએ તેમના સુધી પહોંચવા માટે બીજા રસ્તાઓ શોધવા પડશે તેમજ ગ્રામીણ યુવાઓની અપેક્ષાઓને સમજવી પડશે. ગ્રામીણ યુવા મતદારોને રોજગારીમાં વધારે રસ છે.

### ● યુવાનોમાં જાગૃતતાના પ્રમાણમાં વધારો

દેશમાં શિક્ષણના પ્રમાણમાં વધારો થતાં ભ્રષ્ટાચાર વિરોધી આંદોલનોની બાબતમાં જાગૃતતાના પ્રમાણમાં વધારો થયો છે. અન્ના હજારેના ભ્રષ્ટાચાર વિરોધી આંદોલનમાં યુવાનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને ભ્રષ્ટાચારના વિરોધમાં પોતાનો અવાજ ઉઠાવ્યો હતો. ખાસ કરીને દિલ્હીમાં બનેલી બાળાત્કારની ઘટના બાદ યુવાનોમાં આક્રોશ જોવા મળ્યો હતો. દેશના દિલ્હી, મુંબઈ, બેંગ્લોર, કોલકત્તા, અમદાવાદ, પટના, લખનઉ અને પૂના જેવા શહેરોમાં યુવક-યુવતીઓ દ્વારા સરઘસ કાઢી અને ધરણાં પ્રદર્શન કરતાં જોવા મળ્યા હતા. આના પરથી તારવી શકાય છે કે યુવાનો પણ દેશના પ્રશ્નોમાં રસ દાખવી રહ્યા છે. તેમજ ચાલુ વર્ષે યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં યુવા મતદારોએ મતદાન કરી અગાઉ નોંધાયેલા તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે.

### ● રાજકીય યુવા બ્રિગેડ

ભારતીય રાજકારણમાં ઈતિહાસ પર નજર નાખીએ તો તેમાં વંશવાદે એક મહત્વનો મુદ્દો છે. વર્તમાન સમયમાં આપણે રાજકારણમાં યુવાબ્રિગેડની વાત કરીએ તો રાહુલ ગાંધી (૪૩), સચિન પાયલોટ (૩૭), મિલિંદ દેવરા (૩૭), જ્યોતિરાદિત્ય (૪૧), વરૂણ ગાંધી (૩૩), અખિલેશ યાદવ (૩૯), અગાથા સંગમા (૩૩), આદિત્ય ઠાકરે (૨૩), અનુરાગ ઠાકુર (૩૯) જેવા અનેક લોકોને રાજનીતિ વારસામાં મળી છે. તેઓએ અત્યાર સુધી રાજકારણમાં આવીને કંઈ ખાસ ઉકાળ્યું નથી. આ બધા જ વિદેશની યુનિવર્સિટીમાં અભ્યાસ કર્યો છે. તેઓએ ક્યારેય ભારતના યુવાઓને ઉચ્ચકક્ષાનું શિક્ષણ મળી રહે તે માટે ચિંતા કરી નથી. તેઓ હવે યુવા મતદારોના મત લેવા ખેંચતાળ કરી રહ્યા છે.

### ● યુવા મતદાતાઓનું વિશ્લેષણ

ચૂંટણી પંચે રજૂ કરેલા નવા આંકડા મુજબ ૧૮ થી ૧૯ ની વય ધરાવતા યુવા મતદારોની સંખ્યા ૨ કરોડ ૩૦ લાખ જેટલી છે. જે કુલ મતદારોનું પ્રમાણ ૨.૮૮ ટકા છે. જેઓનું પ્રમાણ વર્ષ ૨૦૦૯માં માત્ર ૦.૭૫ ટકા હતું. યુવા મતદારોનું પ્રમાણ દેશમાં સૌથી વધારે છે અને તેઓ ૩૫૦ બેઠકો પર નિર્ણાયક મતદાન કરીને પરિણામ ફેરવી શકે એમ છે. આ ચૂંટણીમાં દરેક બેઠકોમાં સરેરાશ ૧.૭૯ લાખ નવા મતદારો ઉમેરાયા છે. જેમાં ૪૨,૦૦૦ તો ૧૯-૧૯ની વય જૂથવાળા છે. આ આંકડો ખુબ જ મહત્વનો છે કારણ કે ૨૦૦૯ની ચૂંટણીમાં ૨૨૬ લોકસભા બેઠકોમાં હાર-જીતનું અંતર આ આંકડાથી પણ ઓછું હતું.

પ્રત્યેક મતવિસ્તારમાં ૧૮-૨૨ વર્ષની વયના લગભગ ૯૦,૦૦૦ યુવા મતદારો પ્રથમ વખત પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. વધુમાં રાજસ્થાન (૨૫), મધ્યપ્રદેશ (૨૯), છત્તીસગઢ (૧૧), પશ્ચિમબંગાળ (૪૨), ઉત્તરપ્રદેશ (૮૦) જેવા રાજ્યોમાં યુવા મતદારોની સંખ્યા સરેરાશ મતદારો કરતાં પણ વધારે છે. ૧૮-૨૩ વર્ષના વયજૂથના મતદારોની અંદાજીત સંખ્યા ૪.૮૭ કરોડ પર પહોંચે છે. જો આ ગણતરીમાં આજની તારીખે જેમની ઉંમર ૨૩ વર્ષ છે તેઓ ૨૦૦૯ની ચૂંટણીમાં મતદાન કરવા માટે લાયક નહોતા તેઓ પણ સૌપ્રથમ વાર મતદાન કરશે. દેશનું યંગિસ્તાન લોકસભાની ચૂંટણીની દશા-દિશા બદલી નાખશે. હવે જોવાનું એ છે કે આ યુવાઓ કોના પર પોતાની પસંદગીનો કળશ ઢોળે છે અને દેશના વડાપ્રધાનનો તાજ કોના શિરે પહેરાવે છે.

## બીજો નંબર

● અનુસંધાન પહેલાનું ચાલુ

હજાર ચો.કિ.મી. છે. ગાંધીનગર સંસદીય મત વિસ્તારનું ક્ષેત્રફળ ૭૫૦ કિ.મી. જેટલુ છે. અમદાવાદ પશ્ચિમ સંસદીય મત વિસ્તાર માત્ર ૧૫૦ કિ.મી. વિસ્તારમાં જ પથરાયેલો છે. લોકસભાની ચૂંટણીઓ અંગે એક તરફ તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે તો રાજકીય પક્ષોમાં ઉમેદવારોની પસંદગીની આખરી કવાયત ચાલી રહી છે. ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં હંમેશા બહુકોણીય અને ચતુષ્કોણીય જંગ જ ખેલાયા છે. જો કે મુખ્ય સ્પર્ધા ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જ રહી છે. ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં સાક્ષરતાનું પ્રમાણ પણ ઉંચુ રહેવા પામ્યુ છે. આ સંસદીય મત વિસ્તારમાં સૌથી ઓછી મહિલા મતદારોની નોંધણી કલોલ વિધાનસભામાં છે જે ૯૫,૮૩૯ છે.

## શબ્દાવલી - ૫૩૪૬

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ૪ | ■ | ૫ |
| | ■ | ૬ | | | | ■ | |
| ■ | ૭ | ■ | | ■ | ૮ | ૯ | |
| ૧૦ | | ૧૧ | ■ | ૧૨ | | | |
| | ■ | ૧૩ | | | ■ | | ■ |
| | ■ | | ■ | ૧૪ | | ■ | ૧૫ |
| ■ | ૧૬ | | | | ■ | ૧૭ | |
| ૧૮ | | | ■ | ■ | ૧૯ | | |

### આડી ચાવી

૧. આજુબાજુ (૪)
૬. સાતફેરા, લગ્નની ધાર્મિક ક્રિયા (૪)
૮. સસરા (૩)
૧૦. એક અભિનેત્રી (૩)
૧૨. અંધ વ્યક્તિ, એક ભક્ત(૪)
૧૩. ભગવાન, એક ભક્ત (૪)
૧૪. ભગવાન, અવતાર (૩)
૧૪. ગમતુ, ... અણગમો (૨)
૧૬. આવવું તે (૪)
૧૭. હવન (૨)
૧૮. ઝૂલ, કોર (૩)
૧૯. લોઢુ, ઘડનાર (૩)

### ઊભી ચાવી

૧. નાની, કરવતી (૨)
૨. સફળ (૨)
૩. સાત ઋષિઓનો સમુહ(૩)
૪. જૈનના ભગવાન (૪)
૫. દારૂ, મદિરા (૪)
૭. દારૂ, મદિરા (૪)
૯. છપનું, છુપું (૨)
૧૦. શ્રીકૃષ્ણના ગરીબ મિત્ર(૩)
૧૧. એક શહેર, નગર (૫)
૧૨. સુહાગવતી, સૌભાગ્યવતી (૪)
૧૫. તુચ્છ, હલકુ (૩)
૧૬. આપ, દે (૨)
૧૭. વાતને વધારવી, ઘોંઘાટ(૨)

### શબ્દાવલી ૫૩૪૫ના જવાબ

**આડી ચાવી :-** (૧) ડાયાબિટીશ (૫) જશ (૭) નકાર (૮) રાવ (૯) લીબાસ (૧૧) તરપણ (૧૩) સીરતાજ (૧૫) મણ (૧૬) સમાવાત (૧૮) સીર (૨૦) કાપા (૨૨) મૃગનયની (૨૩) પણ (૨૪) તન (૨૫) દાઝ

**ઊભી ચાવી :-** (૧) ગિરજાગર (૨) રખે (૩) નાવા (૪) રળવું (૫) મેદાન (૬) જડ (૭) રમતીયાળ (૧૧) લત્તો (૧૩) રોજગાર (૧૬) ખંડીત (૧૭) શિયાવીયા (૧૯) સગડી (૨૦) કાન (૨૨) રાની

## ટાઈમ લાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અટલ-અડવાણની જોડીને ફિલ્મી પેરોડીમાં કહેવું હોય તો - 'જાને કહાં ગયે વો દિન...' અને 'કોઈ લૌટા દે મેરે બિતે હુએ દિન...' જેવા ગીતો ગાવા પડે...!! હવે મોદી-રાજનાથની જોડી જોવા મળે છે. આ જોડીને પેરોડીમાં કહેવું હોય તો - 'છોડો કલ કી બાતેં, કલ કી બાત પુરાની...' અને 'આ દેખે જરા, કિસમે કિતના હૈ દમ...' જેવા ગીતો ગાવા પડે.. ભાજપમાં બધું બદલાઈ ગયું છે. કોંગ્રેસના નેતાઓની એન્ટ્રી પછી પાર્ટીનું કદ જેમ વધતું જાય છે તેમ ઓરીજનલ ભાજપના નેતાઓ દૂર ખસતા જાય છે...??? સંસારનો નિયમ છે તેમ રાજકારણમાં પણ ક્યારેક એવો પરિવર્તનનો પવન ફુંકાય છે...

### હરિન કહે છે આયાતી લોકો નુકશાન કરે છે....

અમદાવાદના અતિ સિનિયર નેતા હરિન પાઠક કે જેમના માટે એવું કહેવાય કે અમદાવાદ એટલે હરિન પાઠક અને હરિન પાઠક એટલે એમપી... ભાજપ બીજું કોઈ નામ વિચારી શકે જ નહી. સાત સાત ટર્મથી લોકસભાનું -તિનિધિત્વ કરતા હરિન પાઠકના નામ ઉપર ૨૦૦૯માં લટકતી તલવાર હતી પણ પાર્ટીના રાષ્ટ્રીય નેતા લાલકૃષ્ણ અડવાણીની મહેરબાનીથી બેઠક જળવાઈ રહી હતી, જો કે ૨૦૧૪માં ખુદ અડવાણી સલામત બેઠક માટે તલસતા રહ્યાં હતા ત્યાં હરિન પાઠકનો હાથ કેવી રીતે પકડે.. કહેવાય છે કે ભાજપની ચૂંટણી સમિતિની બેઠકમાં તેમણે અમદાવાદની બેઠક ઉપર હરિન પાઠકને ફરીથી ટિકીટ આપવા ભારપૂર્વક રજૂઆત કરી હતી, પણ અડવાણીની દાળ ગળી નહી... છેવટે કપાઈ ગયા...

પાર્લામેન્ટમાં હરિન પાઠકની ગૂંજ હવે નહી પહોંચે... પાર્ટીના નિર્ણયથી નારાજ થયેલા આ સિનિયર મોસ્ટ નેતાએ કહી દીધું કે...ભાજપમાં દલબદલુ નેતાઓ ઘૂસી ગયા છે જેમણે પાર્ટીના વફાદાર કાર્યકર્તાઓનું મનોબળ તોડી નાંખ્યું છે. સાત વખત ચૂંટણી જીતીને મેં ભાજપમાં ૪૮ વર્ષથી લોકોના દિલ જીત્યાં છે, પણ પાર્ટીએ મારૂં દિલ તોડી નાંખ્યું છે. ગુજરાત ભાજપમાં માત્ર બે જ ચહેરા છે, એક અશોક ભટ્ટ અને બીજા હરિન પાઠક.. આયાતી ઉમેદવારોએ પાર્ટી ઉપર કબજો જમાવ્યો છે. પાર્ટીના એક સિનિયર નેતાએ કહ્યું હતું કે હરિન ભલે દુખી હોય, તેઓ ભાજપમાં રહેશે તો તેમના માટે કોઈ રાજયમાં ગવર્નરના ચાન્સિસ વધારે છે...!!

### કોગ્રેસે છ - ભાજપે ચાર બેઠકો આપી દીધી ...

લોકસભાની ૨૬ બેઠકો પૈકી કોંગ્રેસે ભાજપના ભાણામાં અત્યાર થી જ ૧૫ બેઠકો આપી દીધી છે. અત્યંત નબળા ઉમેદવારો ઉભા રાખીને, અગાઉની ચૂંટણીમાં આક્રમક દેખાવ નહી કરી શકનારા ઉમેદવારોને લડવા ખાતર બેઠકોની લ્હાણી કરી છે. કોંગ્રેસના એક યુવા નેતાએ કહ્યું હતું કે અમારી પાર્ટીના ગાંધીનગર, સુરત, ભરૂચ, વડોદરા, અમદાવાદ પશ્ચિમ અને અમદાવાદ-પૂર્વના ઉમેદવારોએ એક પણ રૂપિયાનો ચૂંટણી ખર્ચ કરવાની જરૂર નથી, કારણ કે ભિંત ઉપર લખેલું સત્ય છે કે આ પાંચ બેઠકોમાં વિક્રમી લીડથી ભાજપના ઉમેદવારો જીતી જવાના છે.

અમદાવાદમાં ફિલ્મસ્ટાર પરેશ રાવલનો ક્રેઝ છે, અનામત બેઠકમાં ભાજપના નબળા ઉમેદવાર સામે કોંગ્રેસના આયાતી ઉમેદવાર છે. વડોદરામાં ખુદ -ઈમ મિનિસ્ટરના કેન્ડિડેટ નરેન્દ્ર મોદી છે. ભરૂચમાં મનસુખ વસાવાને હરાવી શકાય તેવા નથી. સુરતમાં કોંગ્રેસ પાસે કરિશ્મા બતાવે તેવો ચહેરો નથી અને ગાંધીનગરમાં ખુદ લાલકૃષ્ણ અડવાણી છે... બીજી તરફ ભાજપના એક નેતાએ કહ્યું હતું કે ભાજપે સાબરકાંઠામાં શંકરસિંહ વાઘેલા સામે નબળો ઉમેદવાર મૂકીને તેમને પાર્લામેન્ટમાં મોકલવાનું નક્કી કર્યુ છે. દાહોદ અને પંચમહાલમાં બીજા કોઈ સારા ઉમેદવારો પાર્ટીને મળ્યા નથી. આણંદ તેમજ નવસારી બેઠકમાં ભાજપનો પનો ટૂંકો પડ્યો છે... ખરો જંગતો પોરબંદરમાં છે. એક વિઠ્ઠલ રાદડિયા છે અને સામે એનસીપીના કાંધલ જાડેજા છે. બરાબરની ટક્કર છે...

### સાંસદ બન્યા પછી ફોન સ્વિચ-ઓફ આવે છે...

ગુજરાતના મતદારોની એવી ફરિયાદ છે કે લોકસભાની ચૂંટણી જીતી ગયા પછી સંસદસભ્યોના મોબાઈલ ફોન સ્વિચ-ઓફ આવતા હોય છે અથવા તો તેઓને ફોન ઉપર વાત કરવાની ફુરસદ હોતી નથી. દિલ્હી ગયેલો નેતા ટચૂકડા મત વિસ્તારને ક્યાંથી યાદ કરે...?!! ઓફિસ ખોલીને બેસી જાય છે, ફરિયાદોના ઢગલા થાય છે પણ તેમને દિલ્હીના આંટાફેરામાં ફુરસદ મળતી નથી. આપણે લાલકૃષ્ણ અડવાણીને સીધા મળી શકતા નથી કે તેમની સાથે ફોન ઉપર વાત કરી શકતા નથી. ખાસ કરીને આયાતી ઉમેદવારોને જયારે લોકસભા કે રાજયસભાના સભ્ય બનાવવામાં આવે છે ત્યારે આ લાઈન વ્યસ્ત છે.... સાહેબ મિટીંગમાં છે... થોડીવાર પછી કોલ કરો... એવો જવાબ સાંભળવા મળે છે...

એમપી સાહેબની નજીક એક ટોળું હોય છે, જે તેમના સુધી સામાન્ય મતદારને જવા દેતું નથી. સાહેબ હમણાં નહી મળી શકે... આપને જે કામ હોય એ અમને કહો... એવું સાંભળીને મતદાર નિરાશ થઈને પાછો જાય છે. -જાના સેવકો જ -જા સાથે -મથી વાત ન કરે, તે લોકશાહીમાં જ શક્ય બને... ગાંધીનગરના એક જાગૃત મતદારે એવો સવાલ કર્યો છે કે આ લોકસભા બેઠકના સંસદસભ્ય અડવાણી આટલા વર્ષોથી ચૂંટાઈને દિલ્હી જાય છે, તેમણે તેમની ઉંમરની સંખ્યા જેટલા ય સામાન્ય મતદારો સાથે ફોન ઉપર વાત નહી કરી હોય...? બધાં સંસદસભ્યો એવા નથી, બીજી બેઠકના સંસદસભ્યો કે જેઓ વતનમાં રહે છે તેઓ મતદારો સાથે સીધા સંકળાયેલા હોય છે, અને એટલે જ તેઓ વારંવાર જીતી જતા હોય છે...

### ભાજપમાં છ સાંસદો કપાયા, ૧૧ રિપીટ થયા...

ગુજરાત ભાજપમાં મુખ્ય-ધાન નરેન્દ્ર મોદીએ વધુ જોખમ નહી ખેડીને સિટીંગ ૧૭ પૈકી ૧૧ સંસદસભ્યોને રિપીટ કર્યા છે, જો કે ભાવનગરમાં રાજેન્દ્રસિંહ રાણા અને અમદાવાદમાં હરિન પાઠકને મોટો ઝટકો લાગ્યો છે. એક નેતા સંઘને વફાદાર છે, બીજા અડવાણીના -િય છે. પાર્ટીએ લોકસભા-૨૦૧૪માં ૬ આઉટસાઈડર એટલે કે કોંગ્રેસમાંથી આવેલા નેતાઓને ટીકીટ આપી છે. ત્રણ સિટીંગ એમએલએ છે. બે મિનિસ્ટર ચૂંટણી લડી રહ્યાં છે. ખુદ સીએમ બે બેઠકો સાથે મેદાનમાં છે. પાર્ટીએ ત્રણ નવા ચહેરા આપ્યા છે. ભાજપે ચાર મહિલાઓને ટીકીટ આપી છે...

કોંગ્રેસના આયાતી ઉમેદવારોમાં વલસાડના કે.સી.પટેલ, ખેડાના દેવુસિંહ ચૌહાણ, પોરબંદરના વિઠ્ઠલ રાદડિયા, પાટણના લીલાધર વાઘેલા, સુરેન્દ્રનગરના દેવજી ફતેપરા અને બારડોલીના -ભુ વસાવાનો સમાવેશ થાય છે. આ બેઠકો ઉપર ભાજપના ઓરીજનલ કાર્યકર્તાઓમાં નારાજગી -વર્તી રહી છે. બહુ મોટાપાયા ઉપર નાણામંત્રી નિતીન પટેલ અને ઉર્જામંત્રી સૌરભ પટેલની શક્યતાઓ જણાતી હતી પરંતુ તેઓને ટીકીટ મળી નથી, એટલે કે આ બન્ને પાવરફુલ અને ચીફ મિનિસ્ટરના દાવેદાર નેતાઓ ગુજરાતમાં જ રહેશે....

### લોકસભામાં ૧૯૭૭માં પરિવર્તન થઇ રહ્યું છે...

શું ભારતના રાજકારણમાં ૧૯૭૭માં પુનરાવર્તન થઈ રહ્યું છે...મોરારજી દેસાઈ પછી નરેન્દ્ર મોદી પીએમ બની રહ્યાં છે...?!! આ સવાલનો જવાબ ૧૬?? મે ના રોજ મળી જશે પરંતું મોરારજી દેસાઈ એક એવી વ્યક્તિ હતા જેમની સસ્તી ખાંડ આજની તારીખે પણ દેશની જનતા યાદ કરે છે. ૧૯૯૬માં જન્મેલા મોરારજી દેસાઈ સુરતથી ૧૯૫૭માં ૧.૫૧ લાખના મતોની સરસાઈથી ચૂંટણી જીત્યા હતા. ૧૯૬૨માં તેમણે ૯૯ હજારની, ૧૯૬૭માં ૧.૨૩ લાખ અને ૧૯૭૧માં ૩૨ હજારના મતોની લીડ -ાપ્ત કરી હતી. છેલ્લે જયારે તેઓ ૧૯૭૭માં ચૂંટણી જીત્યા ત્યારે તેમના મતોની લીડ ૨૧ હજાર હતી. આ વર્ષે જ તેઓ દેશના -થમ ગુજરાતી વડા-ધાન બન્યા હતા. ૯૯માં વર્ષે તેમનું નિધન થયું હતું....

આજે ભાજપમાં અને દેશમાં નરેન્દ્ર મોદીના નામની ચર્ચા છે ત્યારે ૨૦૦૨માં -થમ વખત તેઓ ધારાસભ્ય બન્યા હતા. તેઓ વિધાનસભામાં ધારાસભ્ય બન્યા પહેલાં મુખ્ય-ધાન બની ચૂક્યા હતા. તેઓ કદી ગ્રામ પંચાયતના સરપંચ, તાલુકા-જિલ્લા પંચાયત કે નગરપાલિકાના -મુખ અથવા તો મહાનગરના મેયર બન્યા નથી તેમ છતાં ૨૦૦૨, ૨૦૦૭ અને ૨૦૧૨ એમ સતત ત્રણ વિધાનસભા ચૂંટણીમાં ભાજપને સ્પષ્ટ બહુમતિ તેમણે અપાવી છે. ગુજરાતમાં કોંગ્રેસને નામશેષ કરવામાં મોદી જેટલો ફાળો પાર્ટીમાં બીજા કોઇનો નથી...મોદી ચીફ મિનિસ્ટર પછી હવે સીધા -ઈમ મિનિસ્ટર ના દરવાજે ઉભા છે...